PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૪૩/કવા–૦૪/૧૬–૧૭/ 9509 તા. 29/02/19

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
બ્રાહમાણી ટેકનોકાસ્ટ,
પ્લોટ નં.–૩, એસ.આર. નં.–૨૨૩ પૈકી ૫,
ગણેશફોર્ડ ગેરેજ ની પાછળ,
ઢેબર રોડ,
રાજકોટ
મો: ૯૪૨૬૯ ૪૩૦૭૯

વિષય :–એચ.ટી. જોડાણ મા લોડ વધારા નુ ભાવપત્રક મેળવવા માટે
સંદર્ભ:– આપની અરજી , તા. ૦૭–૦૨–૧૭ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૪૩/કવા–૦૪/૧૬–૧૭ )

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

( કે. ડી. વીરડીયા )
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. 2)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર વર્તુળ કચેરી , રાજકોટ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર વિભાગીય કચેરી નં ૩ રાજકોટ

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

NO: 03 [B]

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)


પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com


| કેસ નં. : સીજીઆરએફ : ૪૩/કવા–૦૪/૧૬–૧૭ | કમિટિ મીટીંગ તા.૨૨–૦૨–૧૭ | સ્થળ :–રાજકોટ |
|---|---|---|

**પક્ષકાર નં.: –(૧) અરજદાર (ફરીયાદી) :**

**અરજદાર (ફરીયાદી) : નામ:** બ્રાહમાણી ટેકનોકાસ્ટ,**ગામ:** રાજકોટ

**રજુઆત કરનાર :** અરજદાર હાજર રહેલ ન હતા.

**વિરુધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

**પીજીવીસીએલ (કચેરી) :** શહેર વિભાગીય કચેરી નં ૩ રાજકોટ

**રજુઆત કરનાર :**એચ.બી.પરમાર, કાર્યપાલક ઈજનેર શહેર વિભાગીય કચેરી નં ૩ રાજકોટ

## : હુકમ :

## ફરીયાદ : એચ.ટી. જોડાણ મા લોડ વધારા નુ ભાવપત્રક મેળવવા માટે

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓ શ્રી એ તેમના હૈયાત એચ.ટી. જોડાણ નં. : ૮૪૫૪૭૧૩ (૨૦૦ કેવીએ) મા વધારાના ૧૦૦ કેવીએના વીજભાર વધારો માંગેલ છે. તેમના જોડાણ વાળી જગ્યા મા – ચોરી ના દુષણ થી બચવા માટે – સીટીપીટી વાળી જગ્યા પર ને ઉપર રૂફ આપી અને પેક કરેલ છે. પરંતુ, પીજીવીસીએલ ના જણાવ્યા મુજબ – સીટીપીટી વાળી જગ્યા– પેક નહી પરંતુ ખુલ્લી હોવાની બાબત ના કારણોસર – તેઓ શ્રી ને વીજભાર વધારા નુ ભાવપત્રક અપાયેલ નથી. અરજદારે, પીજીવીસીએલ ને, બહાર ના ભાગે, જાહેર રસ્તાપર – ફેકટરી ની બહાર સીટીપીટી સ્ટ્રકચર ઉભુ કરવાની વિનંતી કરેલ હતી, જે પીજીવીસીએલ ના સક્ષમ અધિકારીઓએ માન્ય ન રાખેલ હોવાના કારણોસર, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર શ્રી એ તેમના હૈયાત એચ.ટી. જોડાણ નં. : ૮૪૫૪૭૧૩ (૨૦૦ કેવીએ) મા વધારાના ૧૦૦ કેવીએના વીજભાર વધારાની અરજી ના અનુસંધાને, પીજીવીસીએલ તરફથી કરાયેલ સ્થળ ચકાસણી મુજબ, સદર હૈયાત એચ.ટી. જોડાણ નં. : ૮૪૫૪૭૧૩ ( હૈયાત ૨૦૦ કેવીએ) ના – સીટીપીટી વાળી જગ્યા, જે મીટર તેમજ સીટીપીટી વાળી જગ્યા – જે પીજીવીસીએલ મા પ્રવર્તમાન એવા નિયમ મુજબ, '' દરેક બાબતે ખરેખર એવી મજબુત રીતે સલામત'' જગ્યા જણાયેલ ન હતી. પરંતુ, આ જગ્યા – જે દીવાલ પર માત્ર પતરાઓ રાખી – એ મુજબ ની અસલામત જણાયેલ હતી. જેથી, અરજદાર શ્રી ને સદર નિયમાધીન બાબત, જે રૂબરૂ મા સમજાવતા, અરજદારે આ બાબત, જે સંતોષ હેઠળ માન્ય રાખેલ હતી. જેથી, પીજીવીસીએલ તરફથી અરજદાર શ્રી ને, તેમના સદર જોડાણ મા, મુખ્ય માંગણી મુજબ ના વીજભાર વધારા નુ એસ્ટીમેટ, જે તા.૧૪–૦૨–૧૭ ના રોજ, અરજદાર શ્રી ની જાણકારી હેઠળ આપી, અને તે મુજબ અરજદાર ની ફરીયાદ નુ, અરજદાર શ્રી ના તા.૧૪–૦૨–૧૭ ના રોજ ના લેખીત સંમતીપત્ર હેઠળ, પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરાયેલ છે. |

**મુદદા નં.–૩ : : નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| ૩.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની ફરીયાદ અરજી ના અનુસંધાને, પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા ન. ૨.૧ મુજબ ની વિગતે ની કાર્યવાહી, સદર બાબત– જે નામદાર જીઈઆરસી ના રીવાઇઝ સપ્લાય કોડ નં. –૦૪/૨૦૧૫ ના મુદદા નં. ૬.૮ અને ૬.૧૦ મા કરાયેલ જોગવાઈ મુજબ, પીજીવીસીએલ માટે નિયમાધીન હોવા બાબત ની જાણકારી, – જે અરજદાર શ્રી એ, સંતોષજનક હેઠળ માન્ય રાખતા, અરજદાર શ્રી ની ફરીયાદ નુ, અરજદાર શ્રી ના તા.૧૪–૦૨–૧૭ ના રોજ ના લેખીત સંમતીપત્ર હેઠળ, પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ થયેલ છે. |

**મુદદા નં.-૪:** **હુકમ**

| | |
|---|---|
| ૪.૧ | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતે, અરજદાર શ્રી ની ફરીયાદ નુ અરજદાર શ્રી ના તા.૧૪–૦૨–૧૭ ના રોજ નાં લેખીત સંમતીપત્ર હેઠળ, પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ થયેલ છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

ગેરહાજર
(એચ.પી.કોઠારી)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

**નોંધ** જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાની ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે..